GJJN070017152023

| | | |
|---|---|---|
| આંક :- | | |
| રજૂ તારીખ | :- | ૧૪/૧૦/૨૦૨૩ |
| દાખલ તારીખ | :- | ૧૪/૧૦/૨૦૨૩ |
| ફેંસલ તારીખ | :- | ૨૧/૦૭/૨૦૨૬ |
| સમયગાળો | :- | વર્ષ માસ દિવસ |
| | | ૦૨ ૦૯ ૦૭ |

सत्यमेव जयते

**-:નમુનો-અ:-**

## જૂનાગઢના મહે.ત્રીજા એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટની કોર્ટ, જૂનાગઢ, કેમ્પ એટ માંગરોળ

### ચુકાદાની તા.૨૧/૦૭/૨૦૨૬
### ફોજદારી કેસ નં. ૧૨૪૨/૨૦૨૩

**ગુન્હાની વિગત**

| | |
|---|---|
| ગુન્હાની કલમ | આઈ.પી.સી.ની કલમ-૪૯૮(ક), ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ |
| પ્રથમ માહિતી અહેવાલ નં. | ૧૧૨૦૩૦૩૮૨૩૦૩૧૪/૨૦૨ |
| પોલીસ સ્ટેશન | માંગરોળ પોલીસ સ્ટેશન. |
| ફરીયાદીપક્ષ | શ્રી સરકાર |
| ફરીયાદ પક્ષ તરફે વિ.વ.શ્રી: | વિ.એ.પી.પી.શ્રી જે. એન. શ્રીમાળી |
| આરોપી પક્ષ | (૧) તોસીફખાન અ.રહીમખાન બેલીમ,<br>(૨) અ.રહીમખાન સુજાદખાન બેલીમ,<br>(૩) ખતીજાબેન વા/ઓ અ.રહીમખાન બેલીમ,<br>(૪) તાહીરખાન અ.રહીમખાન બેલીમ,<br>(૫) વસીમાબેન વા/ઓ તાહીરખાન બેલીમ,<br>તમામ રહે.નગીચાણા ગામ, ખડા સીમ વિસ્તાર તા. માંગરોળ, નં.-૪ તથા ૫ હાલ રહે.જૂનાગઢ. સરદારબાગ, ઘાંચીપટ, જુલેખા મસ્જિદ, તા./જી.જુનાગઢ. |
| આરોપી તરફે વિ.વ.શ્રી: | વિ.વ.શ્રી આઈ.એ. કરુડ |

**-:નમુનો-બ:-**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | લગ્નના આશરે બે વર્ષ બાદથી આજદિન સુધી |

| | |
|---|---|
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૦૮/૦૮/૨૦૨૩ |
| ચાર્જશીટની તારીખ | ૧૪/૧૦/૨૦૨૩ |
| તહોમતનામું/પ્લી ફરમાવ્યાની તારીખ | ૨૧/૦૨/૨૦૨૪ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૨૬/૦૪/૨૦૨૪ |
| ચુકાદો મુલ્તવી રાખ્યાની તારીખ | --- |
| ચુકાદાની તારીખ | ૨૧/૦૭/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | - |

## -:આરોપીની વિગત:-

| **ક્રમ** | **આરોપીનું નામ** | **ધરપકડની તારીખ** | **જામીન મુકત તારીખ** | **તહોમત** | **શું નિર્દોષ /દોષ** | **કરવામાં આવેલ સજા** | **સુનાવણી દરમ્યાન અટકાયત નો સમયગાળો ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ-૪૨૮ મુજબ** |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | તોસીફખાન અ.રહીમખાન બેલીમ, | ૧૬/૮/૨૩ | ૧૬/૮/૨૩ | આઈ.પી.સી.- ૪૯૮ (ક), ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ | નિર્દોષ | - | - |
| ૨ | અ.રહીમખાન સુજાદખાન બેલીમ, | '' | '' | '' | '' | '' | '' |
| ૩ | ખતીજાબેન વા/ઓ અ.રહીમખાન બેલીમ, | '' | '' | '' | '' | '' | '' |
| ૪ | તાહીરખાન અ.રહીમખાન બેલીમ, | '' | '' | '' | '' | '' | '' |
| ૫ | વસીમાબેન વા/ઓ તાહીરખાન બેલીમ, | '' | '' | '' | '' | '' | '' |

**–:નમુનો–ક:–**

**:: સાહેદો નુ લીસ્ટ::**

**અ.ફરીયાદ પક્ષ તરફે સાહેદો :**

| ક્રમ | આંક | નામ |
|---|---|---|
| પી.૧ | ૦૯ | ફરીયાદી સમીનાબેન તોસીફખાન બેલીમની જુબાની |
| પી.૨ | ૧૨ | સાહેદ ફતુબેન શેરખાન બેલીમની જુબાની |
| પી.૩ | ૧૩ | સાહેદ કોસરબેન શેરખાન બેલીમની જુબાની |
| પી.૪ | ૨૨ | સાહેદ શેરખાનભાઈ અલ્લારખા બેલીમની જુબાની |
| પી.૫ | ૨૩ | સાહેદ સાહીદખાન શેરખાન બેલીમની જુબાની |
| પી.૬ | ૨૪ | ત.ક.અ.શ્રી મનિષભાઈ વીરાભાઈ પરમારની જુબાની |
| પી.૭ | ૩૧ | સાહેદ સરજાના હાજીભાઈ તાઈની જુબાની. |

**:: દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ::**

**અ.ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજો :**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ડી.૧ | ૧૦ | ફરીયાદ |

**બ. બચાવ પક્ષ :**

| અનુ ક્ર. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| બ.સ.૧ | ……… | ……… |
| બ.સ.૧ | ……… | ……… |

**ક. ન્યાયાલય પક્ષ :**

| અનુ ક્ર. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ન્યા.સ.૧ | ……… | ……… |
| ન્યા.સ.૧ | ……… | ……… |

**<u>ડ. ભૌતિક પદાર્થ</u> :**

| **અનુ ક્ર.** | **ભૌતિક પદાર્થ સંખ્યા** | **વર્ણન** |
|---|---|---|
| ૧. | ભૌ.પ.૧ | ......... |
| ૨. | ભૌ.પ.૨ | ......... |

## <u>–:: ચુ કા દો ::–</u>

**(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંક હકીકત :–** આ કામના આરોપીઓએ ફરીયાદીને લગ્નનાં આશરે બે વર્ષ બાદથી આજદિન સુધી અવાર–નવાર શારીરિક–માનસિક દુ:ખત્રાસ આપી, ભુંડી ગાળો બોલી, શરીરે ઢીકાપાટુનો માર મારી અને ''તું અહીં પાછી આવીશ તો તને જીવતી નહીં રહેવા દઈએ'' તેમ ફરીયાદીને જાનથી મારી નાંખવાની ધમકી આપી, એકબીજાને મદદગારી કરી, આઈ.પી.સી. કલમ–૪૯૮(ક), ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો ગુનો કરેલ, જે બનાવની આ કામના ફરીયાદીએ પોલીસ ફરીયાદ કરેલી.

**(૨) ફરીયાદ અનુસંધાને પોલીસ કાર્યવાહી :–** ફરીયાદીની ફરીયાદ અનુસંધાને આરોપીઓ વિરૂધ્ધ માંગરોળ પોલીસ સ્ટેશન ધ્વારા ગુના રજી. નં. ૧૧ ૨૦૩૦૩૮૨૩૦૩૧૪/૨૦૨૩ થી ભારતીય દંડ સંહીતા, ૧૮૬૦ ની કલમ–૪૯૮(ક), ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો ગુનો નોંધી, અન્વેષણ કરવામાં આવેલ. પોતાના અન્વેષણ દરમ્યાન તપાસનીશ અધીકારી ધ્વારા સાહેદોના નિવેદનો નોંધી, જરૂરી પંચનામા કરી, આરોપીઓ વિરૂધ્ધ કાનુની કાર્યવાહી કરવા પુરતો પુરાવો જણાતા, આરોપીઓ વિરૂધ્ધ ફોજદારી કાર્યરીતી સંહીતા, ૧૯૭૩ ની કલમ–૧૭૩ મુજબ ચાર્જશીટ કરેલ.

**(૩) ગુનાનું સંજ્ઞાન અને તહોમતનામું :–** આરોપીઓ વિરૂધ્ધ કરવામાં આવેલ ચાર્જશીટ આધારે ફોજદારી કાર્યરીતી સંહીતા,૧૯૭૩ ની કલમ–૧૯૦(બી) મુજબ ગુનાનું સંજ્ઞાન લઈ આરોપીઓને કોર્ટમાં હાજર રહેવા માટે પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવેલ. જે પ્રોસેસ

આરોપીઓને બજી જતા આરોપીઓ કોર્ટ સમક્ષ ઉપસ્થીત થયેલ. ત્યાર બાદ આરોપીઓને વિચારવાનો પુરતો સમય આપ્યા બાદ તેઓને ગુનો કબુલ છે કે કેસ આગળ ચલાવવા માંગો છો તેમ પુછતા આરોપીઓએ ગુનો કબુલેલ નહી અને પોતાની વિરૂધ્ધનો કેસ આગળ ચલાવવા માંગતા હોવાનુ જણાવેલ. જે મતલબનું આરોપીઓ વિરુધ્ધ આંક–૦૩ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ તથા તેઓની પ્લી આ કામે આંક–૦૪ થી ૦૮ સુધી રેકર્ડ કરવામાં આવેલ છે.

(૪) આ કામે ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમા નમુના 'ક' મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલો છે.

(૫) **આરોપીઓનું વિશેષ નિવેદન :–** ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થતા આરોપીઓને ખુલાસો કરવા તક આપી આરોપીઓનું ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવતાં તેઓએ ફરીયાદ પક્ષના પુરાવાનો ઈન્કાર કરી વિશેષમાં જણાવેલ છે કે તેઓ વિરુધ્ધ ખોટી ફરીયાદ કરેલ છે અને ખોટી જુબાની આપેલ છે, આવો કોઈ બનાવ બનેલ નથી, તેઓએ આવો કોઈ ગુનો કરેલ ન હોય રહેમ રાખવા નમ્ર અરજ છે.

(૬) **દલીલો :–** ત્યારબાદ ફરીયાદ પક્ષે વિ. એ.પી.પી. શ્રી જે.એન.શ્રીમાળીનાઓની તથા આરોપીઓ તરફે વિ.વ. શ્રી આઈ.એ. કરુડનાઓની મૌખિક દલીલો સાંભળી.

(૭) ત્યાર બાદ કોર્ટ સમક્ષનો ફરીયાદ પક્ષનો કેસ ધ્યાને લઈ નીચે મુજબના મુદ્દા અત્રેની કોર્ટના ન્યાયીક નિર્ણય માટે ઉપસ્થીત થયેલ.

| | **મુદ્દા** |
|---|---|
| ૧. | શું ફરીયાદ પક્ષ સ્પષ્ટ અને શંકા રહિત પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ ફરીયાદીને લગ્નનાં આશરે બે વર્ષ બાદથી આજદિન સુધી અવાર–નવાર |

| | |
|---|---|
| | શારીરિક–માનસિક દુ:ખત્રાસ આપી, ભુંડી ગાળો બોલી, શરીરે ઢીકાપાટુનો માર મારી અને ''તું અહીં પાછી આવીશ તો તને જીવતી નહીં રહેવા દઈએ'' તેમ ફરીયાદીને જાનથી મારી નાંખવાની ધમકી આપી, એકબીજાને મદદગારી કરી, આઈ.પી.સી. કલમ–૪૯૮(ક), ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ? |
| ૨. | શું હુકમ ? |

## (૮) મુદ્દાઓના નિર્ણય :

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

## (૯) નિર્ણય માટેના કારણો :

**મુદ્દા નં. ૧ :**

**(૯.૧)** ફરીયાદપક્ષ ધ્વારા આંક–૯ થી ફરીયાદી સમીનાબેન તોસીફખાન બેલીમ ને તથા આંક–૧૨ થી ફરીયાદીનાં માતા સાહેદ ફતુબેન શેરખાન બેલીમને તથા આંક–૧૩ થી ફરીયાદીનાં બહેન સાહેદ કોસરબેન શેરખાન બેલીમને તપાસવામાં આવેલા છે. તેઓ કોર્ટ સમક્ષની સોગંદ પરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, ફરીયાદીનાં લગ્ન આરોપી નં.–૧ તોસીફખાન અબ્દુલરહીમખાન બેલીમ સાથે આશરે છએક વર્ષ પહેલા થયેલા અને તેણી તેમના સાસરીયે નગીચાણા મુકામે રહેવા ગયેલ જયાં બધા ભેગા રહેતા હતા. થોડા સમય બાદ ફરીયાદીને ઘરકામ બાબતે તેમના સાસરીપક્ષનાં લોકો સાથે મનદુ:ખ થયેલું અને તેણીને લાગી આવતાં ફરીયાદીએ આરોપીઓ વિરુધ્ધ ફરીયાદ આપેલી. જે અસલ ફરીયાદ ફરીયાદીને બતાવવામા આવતા જેમા ફરીયાદીએ તેમની સહી ઓળખી બતાવી ફરીયાદ આંક–૧૦ થી રજુ રાખેલ છે. વધુમાં ફરીયાદી તથા સાહેદોએ જણાવેલ છે કે, હાલ ફરીયાદી તેમના પતિ સાથે સાસરીએ રહે છે અને તેમને સમાજની રીતે સમાધાન થઈ ગયેલ

છે. વધુમાં ફરીયાદી જણાવે છે કે, તેમને આ કેસ આગળ ચલાવવો નથી, બીજા સાક્ષીઓ તપાસવા નથી કે બીજો કોઈ પુરાવો આપવો નથી. .

સદર ફરીયાદી તથા સાહેદો ફરીયાદ તથા ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી. શ્રી દ્વારા તેઓને ફરી ગયેલ સાહેદ જાહેર કરી વિગતવાર ઉલટતપાસ કરવા છતાં ફરીયાદ તથા ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરેલ નથી.

સદર ફરીયાદી તથા સાહેદો બચાવ પક્ષના વિ.વકીલશ્રી દ્વારા તેઓની કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, ફરીયાદ/નિવેદનમાં પોલીસે શું લખેલ તે તેઓને ખબર નથી અને તેઓએ વાંચેલ નહીં. આરોપીઓ સાથે ઘરકામ બાબતે સામાન્ય બોલાચાલી સિવાય બીજું કાંઈ બનેલ નથી. આરોપીઓએ ફરીયાદીને કોઈ ગાળો આપેલ નથી કે માર મારેલ નથી કે મારી નાંખવાની ધમકી પણ આપેલ નથી કે કોઈ શારીરિક–માનસિક ત્રાસ આપેલ નથી કે કોઈ મહેણાટહોણા મારેલ નથી. હાલ ફરીયાદી ચારેક માસથી તેમની સાસરીમાં રહે છે અને તેમને સમાધાન થઈ ગયેલ છે અને હવે કોઈ મનદુ:ખ નથી.

(૯.૨) ફરીયાદપક્ષ દ્વારા આંક–૨૨ થી સાહેદ શેરખાનભાઈ અલ્લારખા બેલીમ ને તપાસવામાં આવેલા છે. તેઓ કોર્ટ સમક્ષની સોગંદ પરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, તેમને સંતાનમાં ત્રણ દીકરી અને એક દીકરો છે. તેમની દીકરીને તેની સાસરીનાં માણસોએ મારકૂટ કરેલ તેથી તે તેમના ઘરે રીસાઈને આવેલ. જેથી તેમણે ફરીયાદ કરવાનું કહેલ. આ સિવાય બીજું કાંઈ જાણતા નથી. બનાવ બાબતે પોલીસે તેમનું નિવેદન લીધેલ.

સદર સાહેદ ફરીયાદ તથા ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી. શ્રી દ્વારા તેઓને ફરી ગયેલ સાહેદ જાહેર કરી વિગતવાર ઉલટતપાસ કરવા છતાં ફરીયાદ તથા ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરેલ નથી.

સદર સાહેદ બચાવ પક્ષના વિ.વકીલશ્રી દ્વારા તેઓની કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેમને સામાજીક રીતે સમાધાન થઈ ગયેલ છે.

તેમની દીકરીને આરોપીઓએ શારીરિક–માનસિક દુ:ખત્રાસ આપેલ હોય કે મારકૂટ કરેલ હોય તેવું બનેલ નથી.

(૯.૩) ફરીયાદ પક્ષ ધ્વારા આંક–૨૩ થી સાહેદ સાહીદખાન શેરખાન બેલીમ ને તપાસવામાં આવેલા છે. તેઓ કોર્ટ સમક્ષની સોગંદ પરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, ફરીયાદી સમીનાબેન તેમની બેન થાય છે અને તેના લગ્ન ૯ વર્ષ પહેલા કેશોદ મુકામે થયેલા. તેમની બેનને તેમના સાસુ, સસરા, જેઠ, જેઠાણી અને તેના પતિ દુ:ખત્રાસ આપે છે. છ થી સાત વખત આ બાબતેનો બનાવ બનેલો. તેમની બેન તેમના ઘરે આવતી. સામાજીક રીતે ચાર થી પાંચ વખત સમાધાન કરી તેને તેના સાસરીમાં મોકલેલ છતાં પણ તેને દુ:ખત્રાસ આપે છે. તેમની બેનને તેના જેઠ–જેઠાણી તેમજ તેમના બનેવીને ચડામણી કરી દુ:ખત્રાસ આપતાં. તેમજ તેમની બેનને તેના પતિ મારકૂટ કરતાં. તેમની બેન છેલ્લા પાંચેક મહિનાથી તેમના ઘરે છે. બનાવ બાબતે પોલીસે તેમનુ નિવેદન લીધેલું.

બચાવપક્ષ તરફે સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે, જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, બનાવ વિશે તેમને કોઈ જાત માહિતી નથી. તેમને સામાજીક રીતે સમાધાનની વાતચીત ચાલુ છે. પોલીસે તૈયાર નિવેદનમાં તેમની સહી લીધેલ છે.

(૯.૪) ફરીયાદ પક્ષ ધ્વારા આંક–૨૪ થી ત.ક.અ.શ્રી મનિષભાઈ વીરાભાઈ પરમારને તપાસવામાં આવેલા છે. તેઓ કોર્ટ સમક્ષની સોગંદ પરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, તા.૦૮–૦૮–૨૦૨૩ નાં રોજ તેઓ માંગરોળ પો.સ્ટે.માં પી.એસ.ઓ. તરીકે ફરજ બજાવતા હતા તે વખતે આ કામના ફરીયાદી સમીનાબેન તોસીફખાન બેલીમ, રહે.માંગરોળવાળાઓએ તેમની રુબરુ આવી પોતાની ફરીયાદ જાહેર કરતા તેઓના લખાવ્યા મુજબ લખી લઈ આગળની તપાસ તેઓએ સંભાળી, લાગતા વળગતા સાહેદોનાં

નિવેદનો લીધેલા. આરોપી વિરુધ્ધ પૂરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલ. તેમને આંક–૧૦ વાળી ફરીયાદ બતાવતાં તેમાં ફરીયાદી સમીનાબેનની તથા રુબરુમાં તેમની સહી ઓળખી બતાવે છે.

બચાવપક્ષ તરફે સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે, જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, આ કામે કુટુંબનાં સભ્યો સિવાય અન્ય કોઈના નિવેદન લીધેલ નથી. ફરીયાદીએ હોસ્પિટલમાં દાખલ થઈ કોઈ સારવાર લીધેલ હોય તેવું બનેલ નથી.

(૯.૫) ફરીયાદ પક્ષ ધ્વારા આંક–૩૧ થી સાહેદ સરજાના હાજીભાઈ તાઈ ને તપાસવામાં આવેલા છે. તેઓ કોર્ટ સમક્ષની સોગંદ પરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, ફરીયાદી સમીનાબેન તેમની બેન થાય છે અને તેના લગ્ન કેશોદ મુકામે તોસીફખાન સાથે ૨૦૧૭ માં થયેલા અને લગ્નજીવનથી તેમની બેનને એક દીકરી છે. તેમની બેનને શરુઆતમાં બે વર્ષ સારી રીતે રાખેલ અને ત્યારબાદ તેમની બેનના તેમના સાસુ, સસરા, જેઠ, જેઠાણી વિગેરેનાઓ તેના પતિને ચડામણી કરી તેમની બેનને હેરાન પરેશાન કરી દુ:ખત્રાસ આપતાં હતા અને તેને ખરાબ ખરાબ ગાળો બોલતા અને તેને માર પણ મારતા હતા. તેમની બેનને મારામારી કરતા તો ઘણીવાર તેમની બેન તેમના ઘરે આવતી રહેતી અને અમે લોકો તેને સમજાવી પરત તેને સાસરીમાં મોકલી દેતા. તેમની બેનને તેના સાસરીમાં તેના સાસરીયાઓએ મારી નાંખવાની ધમકી આપેલ જેથી તેમની બેન તેઓને ફોન કરતા. તેમના પપ્પા અને તેમના ભાઈ તેમજ કુટુંબનાં બીજા માણસો તેને તેડીને તેમના ઘરે લાવેલા. ત્યારબાદ તેમની બેનને તેના સાસરીપક્ષનાં માણસો તેડી ગયેલ નથી. બનાવ બાબતે તેમની બેને ફરીયાદ આપેલી. પોલીસે તેમનુ નિવેદન લીધેલું.

બચાવપક્ષ તરફે સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે, જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, સાહેદ ફતુબેન અને શેરખાન તેમના માતાપિતા થાય છે, તેમજ સાહેદ કૌસરબેન અને સાહેદ સાહીદખાન તેમના ભાઈ બેન થાય છે. ફરીયાદી તેમના બેન થાય છે. તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, તેમના લગ્ન માંગરોળ મુકામે થયેલ છે અને તેણી ત્યાં રહે છે. તેમના બેનનુ સાસરીયુ નગીચાણા મુકામે આવેલ છે. તેમના અને તેમની

બેનનાં સાસરીયાનાં ઘર વચ્ચે આશરે દસ થી પંદર કી.મી.નું અંતર આવેલ છે. તેમની બેનના સાસરીયાની આસપાસ ઘણા બધા રહેણાંક મકાનો આવેલા છે અને રહે છે. ફરીયાદ થયા પછી તેમને કયારેય પોલીસ સ્ટેશન જવાનું થયેલ નથી.

**<u>પુરાવાનું મુલ્યાંકન</u> :–**

**(૧૦)** આમ, ફરીયાદપક્ષના સંપુર્ણ પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો, ફરીયાદ પક્ષ તરફે આંક–૯ થી રજુ થયેલ ફરીયાદી તથા આંક–૧૨ થી ફરીયાદીના માતા સાહેદ ફતુબેન શેરખાન બેલીમનો તથા આંક–૧૩ થી ફરીયાદીનાં બેન સાહેદ કોસરબેન શેરખાન બેલીમનો પુરાવો ધ્યાને લેતા તેઓએ તેમના પુરાવા દરમ્યાન જણાવેલ છે કે, લગ્ન બાદ થોડા સમય બાદ તેના સાસરીપક્ષનાં લોકો સાથે મનદુ:ખ થયેલ. આરોપીઓ સાથે તેઓને સામાન્ય બોલાચાલી થયેલ, આ સિવાય બીજો કોઈ બનાવ બનેલ નથી. આ કામના આરોપીઓ સાથે મનદુ:ખ થતાં ફરીયાદીએ આરોપીઓ વિરુધ્ધ ફરીયાદ આપેલ. વધુમાં ફરીયાદી તથા સાહેદોએ જણાવેલ છે કે, હાલ ફરીયાદી તેમના પતિ સાથે સાસરીએ રહે છે અને તેમને સમાજની રીતે સમાધાન થઈ ગયેલ છે. વધુમાં ફરીયાદી જણાવે છે કે, તેમને આ કેસ આગળ ચલાવવો નથી, બીજા સાક્ષીઓ તપાસવા નથી કે બીજો કોઈ પુરાવો આપવો નથી. આરોપીઓએ ફરીયાદીને કોઈ ગાળો આપેલ નથી કે માર મારેલ નથી કે મારી નાંખવાની ધમકી પણ આપેલ નથી કે કોઈ શારીરિક–માનસિક ત્રાસ આપેલ નથી કે કોઈ મહેણાટહોણા મારેલ નથી. હાલ ફરીયાદી ચારેક માસથી તેમની સાસરીમાં રહે છે અને તેમને સમાધાન થઈ ગયેલ છે અને હવે કોઈ મનદુ:ખ નથી.

વધુમાં આંક–૨૨ થી તપાસેલા સાહેદ શેરખાનભાઈ અલ્લારખાભાઈ બેલીમ કે જે ફરીયાદીનાં પિતા થતાં હોય તેઓનો પુરાવો ધ્યાને લેતા તેઓએ પણ તેમના પુરવા દરમિયાન જણાવેલ છે કે, તેમને સામાજીક રીતે સમાધાન થઈ ગયેલ છે અને તેમની દીકરીને આરોપીઓએ શારીરિક માનસિક દુ:ખત્રાસ આપેલ હોય કે મારકૂટ કરેલ હોય તેવું બનેલ નથી. ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૨૩ થી સાહેદ સાહીદખાન શેરખાન બેલીમ કે જે ફરીયાદીનાં ભાઈ થાય છે તેઓએ તથા આંક–૩૧ થી સાહેદ સરજાનાબેન હાજીભાઈ

તાઈ કે જે ફરીયાદીનાં બેન થાય છે તેઓએ તેમના પુરાવા દરમિયાન ફરીયાદની હકીકતને સમર્થન કરતો પુરાવો આપેલ છે, પરંતુ આંક–૨૩ ના સાહેદે તેમની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે બનાવ વિશે તેમને કોઈ જાત માહિતી નથી. તેમજ સદર કામે ખુદ ફરીયાદીએ તેમના પુરાવામાં હાલ તેણી તેમના પતિ સાથે સાસરીએ રહે છે અને તેમને સમાજની રીતે સમાધાન થઈ ગયેલ છે અને તેમને આ કેસ આગળ ચલાવવો નથી અને હવે કોઈ મનદુ:ખ ન હોવાનું જણાવતાં હોય ત્યારે સદર સાહેદોનાં પુરાવાનું કોઈ મહત્વ રહેતું નથી. તેમજ તેવો જ પુરાવો અન્ય સાહેદો એટલે કે સદર ફરીયાદીના માતા અને બહેનોએ ફરીયાદીએ તેઓને જે હકીકત જણાવેલ છે તે મુજબનો પુરાવો આપેલ છે. આમ ફરીયાદી કે સાહેદોએ આરોપીઓએ ફરીયાદીને કોઈ દુ:ખ–ત્રાસ આપેલ હોય કે મારકૂટ કરેલ હોવા સબંધે કોઈ સચોટ પુરાવો આપેલ નથી. જેથી આરોપીઓ સામેના ઈ.પી.કોડની કલમ–૪૯૮ (ક), ૩૨૩, ૧૧૪ મુજબના ગુન્હાના તત્વો પુરવાર થતા ન હોય, તે મુજબના ગુન્હા પુરવાર થતા નથી.

**(૧૧)** સદર કામે આરોપીઓએ ફરીયાદીને ભુંડી ગાળો બોલેલ હોવાની હકીકત ફરીયાદમાં લખેલ છે. પરંતુ ફરીયાદીએ પોલીસ રુબરુ આપેલ ફરીયાદ હકીકત વંચાણે લેતા, આરોપીઓએ ફરીયાદીને કેવા પ્રકારના શબ્દ ઉચ્ચારેલ હતા તેવી હકીકત ફરીયાદમા કે ફરીયાદપક્ષે રજુ પુરાવામાં જણાઈ આવતી નથી. જયારે કલમ–૫૦૪ ની વ્યાખ્યા પ્રમાણે ત્યારે જ ગુનો બને કે જયારે તેવા શબ્દોના કારણે સામી વ્યકિત કોઈ ગુનો કરવા ઉશ્કેરાઈને શાંતિનો ભંગ કરી બેસે તેવી સંભવિતતા જણાતી હોય. પ્રથમ તો આરોપીઓ ધ્વારા કોઈ વ્યકિતનું અપમાન કરવામા આવે. આવુ અપમાન ઈરાદાપૂર્વક કરવામા આવ્યુ હોય તે પણ આવશ્યક તત્વ છે. આ અપમાન એવા પ્રકારનું હોય કે જે કારણે સામી વ્યકિત ઉશ્કેરાઈ જાય તથા આરોપીને ખ્યાલ હોય અથવા તેનો એટલો ઈરાદો હોય કે આવા અપમાનથી સામી વ્યકિત ઉશ્કેરાઈને શાંતિનો ભંગ કરી બેસસે અથવા કોઈ ગુનો કરી બેસસે. માત્ર ગાળ આપવી તે મહત્વનું તત્વ ગણાય નહી. કયા સંજોગોમા કયા કારણે કે કયા શબ્દોથી વ્યકિત ઉશ્કેરાઈ જાય તે હકીકતનો વિષય છે તથા ઉચ્ચારવામા આવેલા શબ્દો

પરથી નકકી કરી શકાય. પરંતુ હાલના કામે આરોપીઓ ધ્વારા ઈરાદાપૂર્વક ફરીયાદીનું અપમાન કરવામાં આવેલ હોય જેને કારણે ફરીયાદીએ ઉશ્કેરાઈ જઈ શાંતિનો ભંગ કરેલ હોય તેવો સચોટ પુરાવો જણાઈ આવતો નથી. વધુમાં ફરીયાદીએ તેઓની ઉલટતપાસમાં સ્પષ્ટપણે સ્વીકારેલ છે કે આરોપીઓ સાથે ફરીયાદીને સામાન્ય બોલાચાલી થયેલ, આ સિવાય બીજો કોઈ બનાવ બનેલ નથી અને આરોપીઓએ ફરીયાદીને મેણાંટોણાં મારેલ નથી કે ગાળો આપેલ નથી. આમ, સદર કામે ફરીયાદપક્ષે રજુ પુરાવાના આધારે આરોપીઓએ ફરીયાદી જાહેર સુલેહ શાંતીનો ભંગ કરે તેવા ઈરાદાથી કોઈ અપશબ્દો કહી ફરીયાદીનુ ઈરાદાપૂર્વક અપમાન કરેલ હોય તેવો સચોટ પુરાવો રેકર્ડ પર આવેલ નથી તેવી આરોપીઓના વિ.વ.શ્રીની દલીલ ટકવાપાત્ર જણાય છે. જેથી આરોપીઓને ઈ.પી.કોડની કલમ–૫૦૪, ૧૧૪ ના ગુનામાં દોષિત ઠરાવવાનું ન્યાયોચિત જણાઈ આવતુ નથી.

**(૧૨)** વધુમાં, આરોપીઓએ કેવા પ્રકારની ધમકી આપેલ, તેના શબ્દો શું હતા તેમજ તે ધમકી આપ્યા બાદ ફરીયાદી સતત ભયના ઓથાર હેઠળ રહેલ હોય તે સંબંધે કોઈ સબળ અને સચોટ પુરાવો આવેલ નથી. તે જોતા, ફરીયાદી અને સાહેદોનો પુરાવો વિરોધાભાસી હોય, તેના પર આધાર રાખી શકાય નહીં. જયારે આરોપીઓ સામે જાનથી મારી નાંખવાની ધમકી આપ્યા સંબંધેનો આક્ષેપ છે તે બાબતે જોતા, હાલનો બનાવ બન્યા બાદ આવી ધમકી સંબંધે ફરીયાદી સતત ભયના ઓથાર હેઠળ રહયા હોય કે તેઓ રોજબરોજની કામગીરી કે ફરજ બજાવી શકયા ન હોય તે સંદર્ભે કોઈ હકારાત્મક પુરાવો આવેલ નથી. વધુમાં **૨૦૦૨(૧) જી.એલ.એચ.જે. પાના નં.૪ મનસુરખાન યાસીમખાન પઠાણ અને બીજાઓ વિ. સ્ટેટ ઓફ ગુજરાત**ના ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ધ્વારા પ્રસ્થાપિત કરવામા આવેલ છે કે, ફરીયાદીને અપાયેલ ધમકીના કારણે ફરીયાદીના મનમાં ભયની ઘંટી બજતી હોય તેવુ લાગવુ જોઈએ અને તેવી ધમકી આપ્યાના કારણે ફરીયાદી પોતાની ફરીયાદ નોંધાવ્યા પછી કોઈ પણ સમયે પોતાની ફરજ અદા કરવા માટે રોજબરોજની કામગીરી કરવા શકિતમાન ન હતા તે હકીકત પુરવાર થવી જોઈએ અને ચોકકસ કયા શબ્દોમાં ધમકી આપેલ તે શબ્દો

પણ મહત્વના છે. હાલના કેસમાં ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદી અને સાહેદોના પુરાવા પરથી હાલના આરોપીઓ સંદર્ભે તેવી કોઈ સ્પષ્ટ હકીકત રેકર્ડ પર આવતી નથી. વધુમાં ફરીયાદીએ તેણીની ઉલટતપાસમાં સ્પષ્ટપણે સ્વીકારેલ છે કે આરોપીઓએ ફરીયાદીને મારી નાંખવાની ધમકી પણ આપેલ નથી ત્યારે આરોપીઓ સામેનો ઈ.પી.કોડની કલમ–૫૦૬(૨), ૧૧૪ મુજબનો ગુન્હો પણ પુરવાર માની શકાય નહીં. આમ આરોપીઓ વિરૂઘ્ઘ ઈ.પી.કોડની કલમ–૫૦૬(૨), ૧૧૪ ના તત્વો નિ:શંપણે પુરવાર થતા ન હોય, તે મુજબનો ગુન્હો પણ પુરવાર થતો નથી. ધુમ

**(૧૩)** વધુમા ફરીયાદ પક્ષ તરફે આંક–૨૪ થી ત.ક.અ.શ્રીએ તેઓના પુરાવામાં તેઓની તપાસને અનુરુપ પુરાવો આપેલ છે અને ઉલટતપાસમાં આ કામે કુટુંબનાં સભ્યો સિવાય અન્ય કોઈના નિવેદનો લીધેલ ન હોવાની હકીકત કબુલ રાખેલ છે. બનાવવાળી જગ્યા કે જે રહેણાંક વિસ્તાર હોય ત્યાંથી સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોવા છતાં આ કામે તેવા કોઈ સ્વતંત્ર સાહેદોને તપાસેલા નથી જે તૃટી પણ ફરીયાદપક્ષનાં કેસને શંકાસ્પદ બનાવે છે.

**(૧૪)** આમ ફરીયાદપક્ષે રજુ સમગ્ર પુરાવાઓનું એકી સાથે મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદ પક્ષે તપાસેલ સાહેદોના પુરાવાથી ફરીયાદમાં જણાવેલ તત્વો પુરવાર થતા નથી અને ફરીયાદની કોઈ હકીકત વાજબી શંકા રહિત ફલિત થતી નથી. જેથી ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવાથી આરોપીઓને ગુન્હામાં સાંકળતો સચોટ, સબળ અને પ્રબળ પુરાવો રેકર્ડ ઉપર રજુ થતો ન હોય અને આરોપીઓ સામે આક્ષેપવામાં આવેલ ગુન્હાના તત્વો નિ:શંકપણે ફલિત થતા ન હોય, જેથી ઉપરોકત રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવો ઘ્યાને લેતા, આ કામના આરોપીઓએ ફરીયાદીને લગ્નનાં આશરે બે વર્ષ બાદથી આજદિન સુધી અવાર–નવાર શારીરિક–માનસિક દુ:ખત્રાસ આપી, ભુંડી ગાળો બોલી, શરીરે ઢીકાપાટુનો માર મારી અને ''તું અહીં પાછી આવીશ તો તને જીવતી નહીં રહેવા દઈએ'' તેમ ફરીયાદીને જાનથી મારી નાંખવાની ધમકી આપી, એકબીજાને મદદગારી કરી,

આઈ.પી.સી. કલમ–૪૯૮(ક), ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ અન્વયેના આક્ષેપ મુજબનો કેસ નિ:શંકપણે સાબીત કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ હોય, **મુદ્દા નં. ૧** નો નિર્ણય ''**નકારમાં**'' આપી, **મુદ્દા નં. ૨** અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: આ ખ રી હુ ક મ ::–

**(એ)** આ કામના આરોપીઓ નં.(૧) તોસીફખાન અ.રહીમખાન બેલીમ, (૨) અ.રહીમખાન સુજાદખાન બેલીમ, (૩) ખતીજાબેન વા/ઓ અ.રહીમખાન બેલીમ, (૪) તાહીરખાન અ.રહીમખાન બેલીમ, (૫) વસીમાબેન વા/ઓ તાહીરખાન બેલીમ તમામ રહે.નગીચાણા ગામ, ખડા સીમ વિસ્તાર તા. માંગરોળ, નં.–૪ તથા ૫ હાલ રહે.જૂનાગઢ. સરદારબાગ, ઘાંચીપટ, જુલેખા મસ્જિદ, તા./જી.જુનાગઢનાઓને તેઓ વિરૂધ્ધ આક્ષેપીત ભારતીય દંડ સંહીતા, ૧૮૬૦ની કલમ–૪૯૮(ક), ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબના શિક્ષાને પાત્ર ગુનાના આરોપમાંથી ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૨૪૮(૧) મુજબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(બી)** આરોપીઓ પૈકી દરેક આરોપીએ ક્રિ.પ્રો.કોર્ડની કલમ–૪૩૭(એ) મુજબ અપીલ સમય સુધીના રૂા.૧૫,૦૦૦/– (અંકે રૂપીયા પંદર હજાર પુરા) ના જામીન આપવા.

હુકમ આજ **તારીખ : ૨૧ મી, માહે : જુલાઈ, સને : ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : માંગરોળ.
તારીખ : ૨૧/૦૭/૨૦૨૬.

**(એફ.એફ.બારડોલીવાલા)**
ત્રીજા એડી.ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ
જૂનાગઢ, કેમ્પ એટ માંગરોળ
**(GJ-01286)**